નવી સેવા વર્ષ ૨૦૧૮-૧૯

સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ રાજ્ય, જિલ્લા અર્બન અને ઘટક સેલની જગ્યાઓ માટે બજેટ જોગવાઇ માટે વહીવટી મંજુરી બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઇસીડી/૧૧૨૦૧૮/૨૬/બ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૧-૦૪-૨૦૧૮

સંદર્ભઃ-

(૧) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો સિંગલ ફાઇલ ક્રમાંકઃ આઇસીડીએસ/કા.આ/સીંગલ ફાઇલ/૧૦૧/૧૮-૧૯ ઉપર નાણાં વિભાગની મંજુરી

(૨) વિભાગનો તા.૨૮/3/૨૦૧૮ના ઠરાવ ક્રમાંકઃઆઇસીડી/૧૦૨૦૧૪/૩૦૬/બ-૧

ઠરાવઃ-

સંદર્ભ (૧) અન્વયે સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ રાજ્ય, જિલ્લા અર્બન અને ઘટક સેલની જગ્યાઓ મંજુર કરવા અંગે રૂ.૧૯,૯૬,૩૮,૬૦૦/- (અંકે રુપિયા ઓગણીસ કરોડ છન્નુ લાખ આડત્રીસ હજાર છસો પુરા)ની જોગવાઈ માટે વર્ષ ૨૦૧૮-૧૯ નવી બાબત તરીકે દરખાસ્ત રજુ કરેલ હતી.

આઇસીડીએસ ધ્વારા અમલી તમામ યોજનાઓનો યોગ્ય રીતે અમલ થાય અને તેનું સઘન મોનીટરીંગ થાય તે હેતુસર સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ રાજ્ય, જિલ્લા અર્બન અને ઘટક સેલની હાલની વર્ગ-૧ થી ૪ ની કુલ ૪૫૦૭ જગ્યાઓમાંથી Restructure કરીને વર્ગ-૧ થી વર્ગ-૪ સુધીની કુલ ૩૯૩૯ જગ્યાઓ કરેલ છે. એટલે કે કુલ ૫૬૮ જગ્યાઓ આમુખ(૨)માં દર્શાવેલ ઠરાવથી રદ કરેલ છે. પરંતુ ૪૫૦૭ જગ્યાઓની સામે નવી Staff Strength કુલ ૩૯૩૯ પૈકીની નીચે મુજબ કુલ ૬૭૬ જગ્યાઓ મંજુર કરવા અંગે રૂ.૧૯,૯૬,૩૮,૬૦૦/-(અંકે રુપિયા ઓગણીસ કરોડ છન્નુ લાખ આડત્રીસ હજાર છસો પુરા)ની બજેટ જોગવાઈમાંથી નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગ | મંજુર જગ્યાઓ |
|---|---|---|
| ૧ | પ્રોગ્રામ ઓફિસર વર્ગ-૧ | ૦૭(મહાનગર પાલીકા) |
| ૨ | પ્રોજેક્ટ મેનેજર/સીડીપીઓ વર્ગ-૨ | ૧૦૬ |
| 3 | ICT ઓફિસર વર્ગ-૨ | ૦૧ |

| | | |
|---|---|---|
| ૪ | લિગલ ઓફિસર વર્ગ-૨ | ૦૧ |
| ૫ | કન્સલ્ટન્ટ | ૦૬ (ફિક્સ પે આઉટસોર્સથી) |
| ૬ | કચેરી અધિક્ષક વર્ગ-૩ | ૧૮ |
| ૭ | આંકડામદદનીશ વર્ગ-૩ | ૯૭ |
| ૮ | હિસાબનીશ વર્ગ-૩ | ૨૫ |
| ૯ | નાયબ હિસાબનીશ વર્ગ-૩ | ૦૪ |
| ૧૦ | જુનિયર ક્લાર્ક વર્ગ-૩ | ૨૬૮ |
| ૧૧ | મુખ્ય સેવિકા | ૧૨૦ |
| ૧૨ | પ્રી સ્કૂલ ઇન્સ્ટ્રક્ટર | ૦૩ |
| ૧૩ | ન્યુટ્રીનિસ્ટ | ૦૨ |
| ૧૪ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૧૮ (આઉટસોર્સથી) |
| | કુલ | ૬૭૬ જગ્યાઓ |

ઉકત પત્રકના ક્રમ-૧માં દર્શાવેલ પ્રોગ્રામ ઓફિસર વર્ગ-૧ની મહાનગર પાલિકાની કુલ-૭ જગ્યાઓની મંજુરી આપવામાં આવેલ છે. જે અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર,જુનાગઢ,રાજકોટ,જામનગર મહાનગરપાલિકાની જગ્યાઆને મંજુરી આપવામાં આવેલ છે.

<u>શરતો:</u>

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો- વખત લાગુ પડતા ઠરાવો/ પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વિભાગે રજૂ કરેલા અંદાજોની સક્ષમ કક્ષાએથી ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૮) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૯) જ્યારે અને જરૂર જણાયે તથા શક્ય બને ત્યારે ભારત સરકારનું ફંડ મેળવવાનું નિશ્ચિત કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૮/૦૩/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ

(૧) માન.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય,ગાંધીનગર.
(૨) માન.રા.ક.મંત્રીશ્રી(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨,સચિવાલય,ગાંધીનગર.
(૩) અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)ના અંગત રહસ્ય સચિવશ્રી,નાણા વિભાગ,સચિવાલય ગાંધીનગર.
(૪) સચિવશ્રી(ખર્ચ)ના અંગત રહસ્ય સચિવશ્રી,નાણા વિભાગ સચિવાલય,ગાંધીનગર.
(૫) નાણા સલાહકારશ્રી નાણા વિભાગ સચિવાલય,ગાંધીનગર.
(૬) કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(૭) નિયામકશ્રી (આઇસીડીએસ),કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(૮) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર,જુનાગઢ, રાજકોટ,જામનગર.
(૯) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિલ્લા પંચાયત કચેરી,જિ.
(૧૦) તમામ જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રી,(આઇસીડીએસ),જિલ્લા પંચાયત કચેરી,જિ.
(૧૧) એકાઉન્ટન્ટ જનરલશ્રી,રાજકોટ/અમદાવાદ.
(૧૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
(૧૩) વિભાગની સર્વે શાખાઓ.
(૧૪) સીસ્ટમ મેનેજરમ(મ.બા.ક.) વિભાગની વેબ સાઇટ ઉપર મુકવા સારૂં.
(૧૫) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
(૧૬) શાખા સિલેકટ ફાઇલ.